(2) $CO > H_2O > NH_3 > Cl^-$
(3) $Cl^- > H_2O > NH_3 > CO$
(4) $Cl^- > NH_3 > H_2O > CO$

59. એક આદર્શ ગેસના બે મોલ 300 K તાપમાને 10 L થી 100 L સુધી મુક્ત વિસ્તરણ (free expansion) પામે છે. ΔS_{system} અને $\Delta S_{surroundings}$ ની કિંમતો થશે:

(R એ સાર્વત્રિક ગેસ અચળાંક છે)

(1) $\Delta S_{system} = 0$; $\Delta S_{surroundings} = 0$
(2) $\Delta S_{system} = 4.606$ R; $\Delta S_{surroundings} = -4.606$ R
(3) $\Delta S_{system} = 0$; $\Delta S_{surroundings} = 4.606$ R
(4) $\Delta S_{system} = 4.606$ R; $\Delta S_{surroundings} = 0$

55. The amino acid that gives a red-blood colour on treating its sodium fusion extract with sodium nitroprusside is

(1) leucine
(2) threonine
(3) methionine
(4) serine

56. The standard electrode potential (E°) for the half-cell reaction $Fe^{3+} + e^- \rightarrow Fe^{2+}$ at 298 K is
(Given : $E°(Fe^{3+}/Fe) = -0.04$ V and $E°(Fe^{2+}/Fe) = -0.44$ V at 298 K)

(1) +0.40 V (2) +0.76 V
(3) −0.48 V (4) +0.92 V

57. In an acidic medium, 10 mL of 0.25 M oxalic acid is titrated with $KMnO_4$ solution. If the volume of $KMnO_4$ solution required to reach end point is 10 mL, the strength of the $KMnO_4$ solution is

(1) 0.10 M (2) 0.20 M
(3) 0.25 M (4) 0.15 M

58. According to crystal field theory, the correct order of ligands with respect to their decreasing order of field strength is

(1) $CO > NH_3 > H_2O > Cl^-$
(2) $CO > H_2O > NH_3 > Cl^-$
(3) $Cl^- > H_2O > NH_3 > CO$
(4) $Cl^- > NH_3 > H_2O > CO$

59. Two moles of an ideal gas undergo free expansion from 10 L to 100 L at 300 K. The values of ΔS_{system} and $\Delta S_{surroundings}$ are
(R is universal gas constant)

(1) $\Delta S_{system} = 0$; $\Delta S_{surroundings} = 0$
(2) $\Delta S_{system} = 4.606$ R; $\Delta S_{surroundings} = -4.606$ R
(3) $\Delta S_{system} = 0$; $\Delta S_{surroundings} = 4.606$ R
(4) $\Delta S_{system} = 4.606$ R; $\Delta S_{surroundings} = 0$

60. $2A \xrightarrow{k} B$ એ શૂન્ય-ક્રમની પ્રક્રિયા છે, જ્યાં $k = 1.0\,mol\,L^{-1}\,min^{-1}$ છે. જો A ની પ્રારંભિક સાંદ્રતા 2 M હોય, તો પ્રક્રિયાના 75% પૂર્ણ થવા માટે લાગતો સમય કેટલો હશે ?

(1) 1.5 min

(2) 0.75 min

(3) 1.0 min

(4) 2.0 min

60. $2A \xrightarrow{k} B$ is a zero-order reaction, where $k = 1.0\ mol\ L^{-1}\ min^{-1}$. If the initial concentration of A is 2 M, then the time taken to complete 75% of the reaction will be

(1) 1.5 min

(2) 0.75 min

(3) 1.0 min

(4) 2.0 min

61. નીચે બે વિધાનો આપેલા છે : એકને **કથન A** તરીકે લેબલ કરેલ છે અને બીજાને **કારણ R** તરીકે લેબલ કરેલ છે.

કથન A : સામાન્ય રીતે, $3d$ સંક્રાંતિ ધાતુઓના ગલનબિંદુઓ ઊંચા હોય છે.

કારણ R : પરમાણુઆંતર ધાતુ બંધનમાં $4s$-ઈલેક્ટ્રોન ઉપરાંત $3d$-ઈલેક્ટ્રોનનો પણ સહભાગીતા હોય છે.

ઉપરના વિધાનોના સંદર્ભમાં, નીચે આપેલા વિકલ્પોમાંથી સૌથી **વધુ બંધબેસતો** જવાબ પસંદ કરો:

(1) **A** અને **R** બંને સાચાં છે અને **R** એ **A** ની સાચી સમજૂતી છે.

(2) **A** અને **R** બંને સાચાં છે પરંતુ **R** એ **A** ની સાચી સમજૂતી **નથી**.

(3) **A** સાચું છે પરંતુ **R** સાચું નથી.

(4) **A** સાચું નથી પરંતુ **R** સાચું છે.

61. Given below are two statements : One is labelled as **Assertion A** and the other is labelled as **Reason R**.

Assertion A : Generally, $3d$ transition metals have high melting points.

Reason R : Involvement of $3d$-electrons in addition to $4s$-electrons in the interatomic metallic bonding.

In light of the above statements, choose the ***most appropriate*** answer from the options given below:

(1) Both **A** and **R** are correct and **R** is the correct explanation of **A**.

(2) Both **A** and **R** are correct and **R** is **NOT** the correct explanation of **A**.

(3) **A** is correct but **R** is not correct.

(4) **A** is not correct but **R** is correct.

62. એક ક્ષાર **XY** માટે, જે પ્રબળ વિદ્યુતવિભાજ્ય છે, 298 K તાપમાને Λ_m વિરુદ્ધ $\sqrt{c}$ ના આલેખનો ઢાળ $-90.0\ S\ cm^2\ mol^{-3/2}\ L^{1/2}$ છે. **XY** ની 0.01 M સાંદ્રતાએ, Λ_m ની કિંમત $145.0\ S\ cm^2\ mol^{-1}$ છે. 298 K તાપમાને Y^- આયનની સીમાંત મોલર વાહકતા ($\lambda^0_{Y^-}$, $S\ cm^2\ mol^{-1}$ માં) કેટલી હશે?

(આપેલ છે: $\lambda^0_{X^+} = 74.0\ S\ cm^2\ mol^{-1}$)

(1) 80.0 (2) 100.0

(3) 90.0 (4) 76.0

62. For a salt **XY**, which is a strong electrolyte, the plot of Λ_m versus $\sqrt{c}$ has a slope of $-90.0\ S\ cm^2\ mol^{-3/2}\ L^{1/2}$ at 298 K. At 0.01 M concentration of **XY**, the value of Λ_m is $145.0\ S\ cm^2\ mol^{-1}$. The limiting molar conductivity of Y^- ion ($\lambda^0_{Y^-}$, in $S\ cm^2\ mol^{-1}$) at 298 K will be

(Given : $\lambda^0_{X^+} = 74.0\ S\ cm^2\ mol^{-1}$)

(1) 80.0 (2) 100.0

(3) 90.0 (4) 76.0

63. 116 g *n*-બ્યુટેનનું સંપૂર્ણ દહન કરવાથી ઉત્પન્ન થતા કાર્બન ડાયોક્સાઇડનું પ્રમાણ કેટલું હશે ?
(આપેલ છે: પરમાણ્વીય દળ amu માં H = 1, C = 12 અને O = 16)

(1) 352 g (2) 322 g
(3) 176 g (4) 362 g

64. એક પ્રાથમિક રાસાયણિક પ્રક્રિયા માટે, અર્હેનિયસ પ્લોટ (Arrhenius plot) નીચે આપેલ છે.



જો સક્રિયકરણ ઉર્જા 6.64 kJ mol^{-1} હોય અને R = 8.3 J K^{-1} mol^{-1} હોય, તો જે તાપમાને વેગ અચળાંક e^2 min^{-1} થાય, તે તાપમાન છે

(1) 125 K (2) 150 K
(3) 200 K (4) 250 K

65. નીચે બે વિધાનો આપેલા છે:

વિધાન-I : સાંદ્ર H_2SO_4 અને MnO_2 સાથે NaCl ને ગરમ કરવાથી Mn નું ઓક્સિડેશન થાય છે.
વિધાન-II : સાંદ્ર H_2SO_4 અને MnO_2 સાથે NaI ને ગરમ કરવાથી Mn નું રિડક્શન થાય છે,
ઉપરના વિધાનોના સંદર્ભમાં, નીચે આપેલા વિકલ્પોમાંથી ***સૌથી વધુ બંધબેસતો*** જવાબ પસંદ કરો :

(1) વિધાન-**I** અને વિધાન-**II** બંને સાચાં છે.

(2) વિધાન-**I** અને વિધાન-**II** બંને ખોટાં છે.

(3) વિધાન-**I** સાચું છે પણ વિધાન-**II** ખોટું છે.

(4) વિધાન-**I** ખોટું છે પણ વિધાન-**II** સાચું છે.

63. The amount of carbon dioxide evolved upon complete combustion of 116 g of *n*-butane is
(Given: atomic mass in amu H = 1, C = 12 and O = 16)

(1) 352 g (2) 322 g
(3) 176 g (4) 362 g

64. For an elementary chemical reaction, the Arrhenius plot is given below.



If the energy of activation is 6.64 kJ mol^{-1} and R = 8.3 J K^{-1} mol^{-1}, the temperature at which the rate constant becomes e^2 min^{-1}, is

(1) 125 K (2) 150 K
(3) 200 K (4) 250 K

65. Given below are two statements:

Statement-I : Heating NaCl with concentrated H_2SO_4 and MnO_2 results in oxidation of Mn.

Statement-II : Heating NaI with concentrated H_2SO_4 and MnO_2 results in reduction of Mn.

In light of the above statements, choose the ***most appropriate*** answer from the options given below:

(1) Both **Statement-I** and **Statement-II** are correct.

(2) Both **Statement-I** and **Statement-II** are incorrect.

(3) **Statement-I** is correct but **Statement-II** is incorrect.

(4) **Statement-I** is incorrect but **Statement-II** is correct.

66. નીચે આપેલી સ્પિસીઝ પૈકી, કોના માટે 'ભ્રમણ-માત્ર' ચુંબકીય ચાકમાત્રા સૌથી વધુ છે?
(આપેલ છે : પરમાણુ ક્રમાંક Ti = 22, Mn = 25, Fe = 26 અને Co = 27)

(1) $[Mn(CN)_6]^{3-}$ (2) $[Fe(CN)_6]^{3-}$

(3) $[Co(NH_3)_6]^{3+}$ (4) $[Ti(H_2O)_6]^{3+}$

66. Among the species given below, the spin-only magnetic moment is highest for

(Given : Atomic number of Ti = 22, Mn = 25, Fe = 26 and Co = 27)

(1) $[Mn(CN)_6]^{3-}$ (2) $[Fe(CN)_6]^{3-}$

(3) $[Co(NH_3)_6]^{3+}$ (4) $[Ti(H_2O)_6]^{3+}$

67. ચાર અયુગ્મિત ઈલેક્ટ્રોન ધરાવતો લેન્થેનાઈડ આયન કયો છે?

(આપેલ છે : Ce = 58, Nd = 60, Tb = 65 અને Ho = 67 ના પરમાણુ ક્રમાંક)

(1) Nd^{3+} (2) Ce^{3+}

(3) Tb^{3+} (4) Ho^{3+}

67. The lanthanide ion having four unpaired electrons is

(Given : Atomic numbers of Ce = 58, Nd = 60, Tb = 65 and Ho = 67)

(1) Nd^{3+} (2) Ce^{3+}

(3) Tb^{3+} (4) Ho^{3+}

68. ટેટ્રાઅમાઈનએક્વાક્લોરાઇડોકોબાલ્ટ(III) ક્લોરાઇડ (tetraammineaquachloridocobalt(III) chloride)નું સૂત્ર છે

(1) $[Co(NH_3)_4Cl_2] \times H_2O$

(2) $[Co(NH_3)_4]Cl_3 \times H_2O$

(3) $[Co(NH_3)_4(H_2O)Cl]Cl$

(4) $[Co(NH_3)_4(H_2O)Cl]Cl_2$

68. The formula of tetraammineaquachloridocobalt(III) chloride is

(1) $[Co(NH_3)_4Cl_2] \times H_2O$

(2) $[Co(NH_3)_4]Cl_3 \times H_2O$

(3) $[Co(NH_3)_4(H_2O)Cl]Cl$

(4) $[Co(NH_3)_4(H_2O)Cl]Cl_2$

69. આકૃતિમાં દર્શાવ્યા મુજબ 1.0 mol આદર્શ વાયુ માટે પ્રતિક્રિયાવી (reversible) પ્રક્રિયાઓ ધ્યાનમાં લો.



w_1, w_2, w_3 અને w_4 એ અનુક્રમે પ્રક્રિયા 1, 2, 3 અને 4 માં થયેલ કાર્ય (કેલરીમાં) દર્શાવે છે; ΔU_2 અને ΔU_4 એ અનુક્રમે પ્રક્રિયા 2 અને 4 માટે આંતરિક ઉર્જામાં થતા ફેરફાર છે.

[$R = 2\ \text{cal K}^{-1}\ \text{mol}^{-1}$ ઉપયોગમાં લો]

સાચો વિકલ્પ છે

(1) $w_1 + w_3 = -2T_1 \ln\frac{V_2}{V_1} - 2T_2 \ln\frac{V_4}{V_3}$

(2) $w_2 + w_4 = \Delta U_2 - \Delta U_4$

(3) $w_1 + w_2 = 2T_1 \ln\frac{V_2}{V_1}$

(4) $w_1 + w_2 + w_3 + w_4 = 0$

70. નીચે બે વિધાનો આપેલા છે : એકને **કથન A** તરીકે લેબલ કરેલ છે અને બીજાને **કારણ R** તરીકે લેબલ કરેલ છે.

કથન A : O ની પ્રથમ આયનીકરણ એન્થાલ્પી N અને F ની કરતા ઓછી છે.

કારણ R : O માંથી એક ઈલેક્ટ્રોન દૂર થવાથી સ્થાયી અર્ધ-ભર્યા p કક્ષક પ્રાપ્ત થાય છે.

ઉપરના વિધાનોના સંદર્ભમાં, નીચે આપેલા વિકલ્પોમાંથી **સૌથી વધુ બંધબેસતો** જવાબ પસંદ કરો:

(1) **A** અને **R** બંને સાચાં છે અને **R** એ **A** ની સાચી સમજૂતી છે.

(2) **A** અને **R** બંને સાચાં છે પરંતુ **R** એ **A** ની સાચી સમજૂતી **નથી**.

(3) **A** સાચું છે પરંતુ **R** સાચું નથી.

(4) **A** સાચું નથી પરંતુ **R** સાચું છે.

69. Consider the reversible processes for 1.0 mol of an ideal gas as shown in the figure.



w_1, w_2, w_3 and w_4 represent work done (in calories) in the processes 1, 2, 3 and 4, respectively; ΔU_2 and ΔU_4 are changes in the internal energy for the processes 2 and 4, respectively.

[use $R = 2\ \text{cal K}^{-1}\ \text{mol}^{-1}$]

The correct option is

(1) $w_1 + w_3 = -2T_1 \ln\frac{V_2}{V_1} - 2T_2 \ln\frac{V_4}{V_3}$

(2) $w_2 + w_4 = \Delta U_2 - \Delta U_4$

(3) $w_1 + w_2 = 2T_1 \ln\frac{V_2}{V_1}$

(4) $w_1 + w_2 + w_3 + w_4 = 0$

70. Given below are two statements : One is labelled as **Assertion A** and the other is labelled as **Reason R**.

Assertion A : The first ionization enthalpy of O is lower than that of N and F.

Reason R : The loss of an electron from O leads to stable half-filled p orbital.

In light of the above statements, choose the ***most appropriate*** answer from the options given below:

(1) Both **A** and **R** are correct and **R** is the correct explanation of **A**.

(2) Both **A** and **R** are correct and **R** is **NOT** the correct explanation of **A**.

(3) **A** is correct but **R** is not correct.

(4) **A** is not correct but **R** is correct.

71. બે પ્રવાહીઓના મિશ્રણથી બનતા દ્રાવણો વિશે નીચેના વિધાનો ધ્યાનમાં લો.

A. આ રીતે બનેલ આદર્શ દ્રાવણ સમગ્ર સાંદ્રતાના વિસ્તારમાં રાઉલ્ટના નિયમનું પાલન કરે છે.

B. ક્લોરોફોર્મ અને એસિટોનનું મિશ્રણ રાઉલ્ટના નિયમથી ઋણ વિચલન દર્શાવે છે.

C. એનિલિન અને ફિનોલનું મિશ્રણ રાઉલ્ટના નિયમથી ધન વિચલન દર્શાવે છે.

(1) ફક્ત A અને B

(2) ફક્ત B અને C

(3) ફક્ત A

(4) ફક્ત A અને C

72. નીચે આપેલી પ્રક્રિયામાં બનતા નીપજો પૈકી એક કઈ છે ?



(1) 

(2) 

(3) 

(4) 

71. Consider the following statements about the solutions formed by mixing two liquids.

A. An ideal solution thus formed obeys Raoult's law throughout the composition range.

B. Mixture of chloroform and acetone shows negative deviation from Raoult's law.

C. Mixture of aniline and phenol shows positive deviation from Raoult's law.

(1) A and B only

(2) B and C only

(3) A only

(4) A and C only

72. One of the products formed in the following reaction is



(1) 

(2) 

(3) 

(4) 

73. સાચું વિધાન કયું છે ?

(1) બોરોનની મહત્તમ સહસંયોજકતા ચાર છે.

(2) બેરિલિયમ ત્રણ સંયોજક કક્ષકો ધરાવે છે.

(3) મેગ્નેશિયમની મહત્તમ સહસંયોજકતા ચાર છે.

(4) એલ્યુમિનિયમ પાંચ સંયોજક કક્ષકો ધરાવે છે.

74. એક પ્રોટીન તેની પ્રારંભિક અવસ્થા **N** થી વિઘટિત અવસ્થા **D** માં $N \rightleftharpoons D$ મુજબ પ્રતિવર્તી ઉષ્મીય વિઘટન (thermal denaturation) પામે છે. 60 °C પર, સમતુલ્યતાએ **N** અને **D** બંનેની સાંદ્રતા સમાન હોય છે, અને વિઘટનનો પ્રમાણિત એન્થાલ્પી ફેરફાર 666 kJ mol^{-1} છે. 60 °C પર પ્રોટીનના વિઘટન દરમિયાન પ્રમાણિત એન્ટ્રોપી ફેરફાર ($\Delta S°$ kJ $K^{-1}mol^{-1}$ માં) નીચેના પૈકી કઈ કિંમતની સૌથી નજીક છે?

(1) 2.0 (2) 2000.0

(3) 333.0 (4) 11.1

73. The correct statement is

(1) Boron has a maximum covalency of four.

(2) Beryllium has three valence orbitals.

(3) Magnesium has a maximum covalency of four.

(4) Aluminium has five valence orbitals.

74. A protein undergoes reversible thermal denaturation from its initial state **N** to denatured state **D** according to $N \rightleftharpoons D$. At 60 °C, the concentrations of both **N** and **D** are equal at equilibrium, and the standard enthalpy change of denaturation is 666 kJ mol^{-1}. The standard entropy change ($\Delta S°$ in kJ $K^{-1}mol^{-1}$) of the protein upon denaturation at 60 °C is closest to

(1) 2.0 (2) 2000.0

(3) 333.0 (4) 11.1

75. **યાદી I** માં આપેલા સ્પિસીઝ **યાદી II** માં આપેલી તેમની ભૂમિતિ સાથે જોડો.

યાદી I		**યાદી II**	
A.	PCl_5	I.	ચતુષ્ફલકીય (Tetrahedral)
B.	BrF_5	II.	સમતલીય ચોરસ (Square Planar)
C.	BF_4^-	III.	ત્રિકોણીય દ્વિ-પિરામિડલ (Trigonal bipyramidal)
D.	$[Ni(CN)_4]^{2-}$	IV.	ચોરસ પિરામિડલ (Square pyramidal)

નીચે આપેલા વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો :

(1) A-IV, B-III, C-I, D-II
(2) A-III, B-IV, C-I, D-II
(3) A-III, B-I, C-II, D-IV
(4) A-III, B-II, C-I, D-IV

76. નીચે બે વિધાનો આપેલા છે:

વિધાન I:

trans-બ્યુટ-2-ઈન ની CCl_4 માં Br_2 સાથેની પ્રક્રિયાથી નીચે મુજબની નીપજ મળે છે



વિધાન II:

cis-બ્યુટ-2-ઈન ની આલ્કલાઇન $KMnO_4$ સાથેની પ્રક્રિયાથી નીચે મુજબની નીપજ મળે છે



ઉપરના વિધાનોના સંદર્ભમાં, નીચે આપેલા વિકલ્પોમાંથી સૌથી **વધુ બંધબેસતો** જવાબ પસંદ કરો.

(1) **વિધાન I** અને **વિધાન II** બંને સાચાં છે
(2) **વિધાન I** અને **વિધાન II** બંને ખોટાં છે
(3) **વિધાન I** સાચું છે પણ **વિધાન II** ખોટું છે
(4) **વિધાન I** ખોટું છે પણ **વિધાન II** સાચું છે

75. Match the species in **List I** with their geometry in **List II**

List I		**List II**	
A.	PCl_5	I.	Tetrahedral
B.	BrF_5	II.	Square Planar
C.	BF_4^-	III.	Trigonal bipyramidal
D.	$[Ni(CN)_4]^{2-}$	IV.	Square pyramidal

Choose the **correct** answer from the options given below:

(1) A-IV, B-III, C-I, D-II
(2) A-III, B-IV, C-I, D-II
(3) A-III, B-I, C-II, D-IV
(4) A-III, B-II, C-I, D-IV

76. Given below are two statements:

Statement I :

trans-But-2-ene upon treatment with Br_2 in CCl_4 gives the following product



Statement II :

cis-But-2-ene upon treatment with alkaline $KMnO_4$ gives the following product



In the light of the above statements, choose the ***most appropriate*** answer from the options given below.

(1) Both **Statement I** and **Statement II** are correct
(2) Both **Statement I** and **Statement II** are incorrect
(3) **Statement I** is correct but **Statement II** is incorrect
(4) **Statement I** is incorrect but **Statement II** is correct

77. નીચે આપેલ પ્રક્રિયા શ્રેણીઓ ધ્યાનમાં લો અને સાચો વિકલ્પ પસંદ કરો.



(1) **K** અને **L** ભૌમિતિક સમઘટકો (geometrical isomers) છે

(2) **K** અને **L** પ્રતિબિંબિ સમઘટકો (enantiomers) છે

(3) **M** અને **N** ભૌમિતિક સમઘટકો (geometrical isomers) છે

(4) **M** અને **N** અવકાશીય સમઘટકો (stereoisomers) છે

78. કઈ સંકિર્ણ સંયોજક રચના ફેસિયલ (*facial*) અને મેરીડિયોનલ (*meridional*) સમઘટકો ધરાવે છે ? (આપેલ છે : py = pyridine અને en = $H_2N-CH_2-CH_2-NH_2$)

(1) $[Cr(py)_3(Cl)_3]$

(2) $[Cr(H_2O)_6]^{3+}$

(3) $[Co(NH_3)_4(H_2O)_2]^{3+}$

(4) $[Ni(en)_2(H_2O)_2]^{2+}$

77. Consider the following reaction sequences and choose the correct option.



(1) **K** and **L** are geometrical isomers

(2) **K** and **L** are enantiomers

(3) **M** and **N** are geometrical isomers

(4) **M** and **N** are stereoisomers

78. The complex which has *facial* and *meridional* isomers is

(Given : py = pyridine and en = $H_2N-CH_2-CH_2-NH_2$)

(1) $[Cr(py)_3(Cl)_3]$

(2) $[Cr(H_2O)_6]^{3+}$

(3) $[Co(NH_3)_4(H_2O)_2]^{3+}$

(4) $[Ni(en)_2(H_2O)_2]^{2+}$

79. એવી પ્રક્રિયાઓ ઓળખો જેમાં મુખ્ય નીપજ તરીકે એનિલિન (aniline) મળે છે.

A.  $\xrightarrow{LiAlH_4}$

B.  $\xrightarrow{KOH,\ Br_2}$

C.  $\xrightarrow{NaBH_4}$

D.  $\xrightarrow[\Delta]{HCl,\ H_2O}$

નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ પસંદ કરો.

(1) ફક્ત A અને B

(2) ફક્ત B અને D

(3) ફક્ત A અને C

(4) ફક્ત C અને D

80. **યાદી-I** માં આપેલા વિટામિન્સને **યાદી-II** માં આપેલા તેમના સ્ત્રોતો સાથે જોડો.

યાદી-I	**યાદી-II**
A. વિટામિન A	I. માંસ
B. વિટામિન B_{12}	II. સૂર્યમુખીનું તેલ
C. વિટામિન E	III. લીલા પાંદડાવાળી શાકભાજી
D. વિટામિન K	IV. ગાજર

નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ પસંદ કરો.

(1) A-II, B-III, C-IV, D-I

(2) A-IV, B-I, C-II, D-III

(3) A-IV, B-II, C-I, D-III

(4) A-III, B-I, C-IV, D-II

79. Identify the reactions which give aniline as the major product.

A.  $\xrightarrow{LiAlH_4}$

B.  $\xrightarrow{KOH,\ Br_2}$

C.  $\xrightarrow{NaBH_4}$

D.  $\xrightarrow[\Delta]{HCl,\ H_2O}$

Choose the correct answer from the options given below.

(1) A and B only

(2) B and D only

(3) A and C only

(4) C and D only

80. Match the vitamins in **List-I** with their sources in **List-II**

List-I	**List-II**
A. vitamin A	I. meat
B. vitamin B_{12}	II. sunflower oil
C. vitamin E	III. green leafy vegetables
D. vitamin K	IV. carrots

Choose the correct answer from the options given below.

(1) A-II, B-III, C-IV, D-I

(2) A-IV, B-I, C-II, D-III

(3) A-IV, B-II, C-I, D-III

(4) A-III, B-I, C-IV, D-II

81. દરેક અણુમાં નિશાનીવાળા (underlined) પરમાણુની ઓક્સિડેશન અવસ્થાનો સાચો ઘટતો ક્રમ કયો છે?

(1) $\underline{P_4O_{10}} > \underline{S}O_3 > H_2\underline{O}$

(2) $\underline{N_2O_5} > \underline{Al_2O_3} > H_2\underline{S}$

(3) $\underline{Pb}O_2 > \underline{N_2}O_3 > \underline{S}O_3$

(4) $\underline{P_4O_6} > \underline{Cl_2O_7} > \underline{Al}H_3$

82. નીચે દર્શાવેલ એલ્ડોલ સંઘનન પ્રક્રિયા દ્વારા જે સંયોજન મેળવી **ન શકાય**, તે કયું છે?



(1)


(2)


(3)


(4)


83. નીચે આપેલા પૈકી, કયા સંયોજનમાં સંયુગ્મિત (conjugated) દ્વિબંધો છે ?

(1) હેપ્ટા-1,3-ડાયીન (hepta-1,3-diene)

(2) હેપ્ટા-1,4-ડાયીન (hepta-1,4-diene)

(3) હેપ્ટા-1,5-ડાયીન (hepta-1,5-diene)

(4) હેપ્ટા-1,6-ડાયીન (hepta-1,6-diene)

81. The correct decreasing order of oxidation state of the underlined atom in each molecule is

(1) $\underline{P_4O_{10}} > \underline{S}O_3 > H_2\underline{O}$

(2) $\underline{N_2O_5} > \underline{Al_2O_3} > H_2\underline{S}$

(3) $\underline{Pb}O_2 > \underline{N_2}O_3 > \underline{S}O_3$

(4) $\underline{P_4O_6} > \underline{Cl_2O_7} > \underline{Al}H_3$

82. The compound that **CANNOT** be obtained from the aldol condensation reaction shown below, is



(1)


(2)


(3)


(4)


83. Among the following, the compound having conjugated double bonds is

(1) hepta-1,3-diene

(2) hepta-1,4-diene

(3) hepta-1,5-diene

(4) hepta-1,6-diene

84. નીચે બે વિધાનો આપેલા છે:

વિધાન-I: એસિડિક $KMnO_4$ સાથે *p*-નાઈટ્રોટોલ્યુઈનનું ઓક્સિડેશન કરવાથી એક એવું એસિડ મળે છે જે બેન્ઝોઈક એસિડ કરતા વધુ પ્રબળ હોય છે.

વિધાન-II: Sn/HCl સાથે *p*-નાઈટ્રોટોલ્યુઈનનું રિડક્શન અને ત્યારબાદ તટસ્થીકરણ કરવાથી એક એવું એમાઈન મળે છે જે એનિલિન કરતા વધુ બેઝિક હોય છે.

ઉપરના વિધાનોના સંદર્ભમાં, નીચે આપેલા વિકલ્પોમાંથી સૌથી **વધુ બંધબેસતો** જવાબ પસંદ કરો.

(1) વિધાન-**I** અને વિધાન-**II** બંને સાચાં છે.

(2) વિધાન-**I** અને વિધાન-**II** બંને ખોટાં છે.

(3) વિધાન-**I** સાચું છે પણ વિધાન-**II** ખોટું છે.

(4) વિધાન-**I** ખોટું છે પણ વિધાન-**II** સાચું છે.

85. $KMnO_4$ ને 513 K તાપમાને ગરમ કરવાથી બનતી લીલા રંગની અનુચુંબકીય સ્પિસીઝ (species) કઈ છે?

(1) K_2MnO_4 (2) Mn_3O_4

(3) MnO (4) KO_2

86. નીચે આપેલી પ્રક્રિયાને ધ્યાનમાં લો, અને સાચો વિકલ્પ પસંદ કરો.



(1) જ્યારે સંયોજન **P** ની પ્રક્રિયા સંતૃપ્ત $NaHCO_3$ દ્રાવણ સાથે કરવામાં આવે છે, ત્યારે તીવ્ર પરપોટા (effervescence) જોવા મળે છે.

(2) સંયોજન **P** ને બેન્ઝીનની નિર્જળ $AlCl_3$ અને CH_3COCl સાથે પ્રક્રિયા કરાવીને બનાવી શકાય છે.

(3) બ્રોમિનયુક્ત પાણી સાથેની પ્રક્રિયા પર, સંયોજન **P** સફેદ અવક્ષેપ આપે છે.

(4) સંયોજન **P** ને $BaSO_4$ પર Pd ની હાજરીમાં બેન્ઝોઇલ ક્લોરાઇડના હાઇડ્રોજનેશન દ્વારા મેળવવામાં આવે છે.

84. Given below are two statements:

Statement-I : Oxidation of *p*-nitrotoluene with acidic $KMnO_4$ gives an acid that is stronger than benzoic acid.

Statement-II : Reduction of *p*-nitrotoluene with Sn/HCl followed by neutralization gives an amine that is more basic than aniline.

In light of the above statements, choose the ***most appropriate*** answer from the options given below.

(1) Both **Statement-I** and **Statement-II** are correct.

(2) Both **Statement-I** and **Statement-II** are incorrect.

(3) **Statement-I** is correct but **Statement-II** is incorrect.

(4) **Statement-I** is incorrect but **Statement-II** is correct.

85. The green paramagnetic species formed by heating $KMnO_4$ at 513 K is

(1) K_2MnO_4 (2) Mn_3O_4

(3) MnO (4) KO_2

86. Consider the following reaction, and choose the correct option.



(1) On treating compound **P** with saturated $NaHCO_3$ solution, brisk effervescence is observed.

(2) Compound **P** can be prepared by treating benzene with anhydrous $AlCl_3$ and CH_3COCl.

(3) On treatment with bromine water, compound **P** gives a white precipitate.

(4) Compound **P** is obtained by the hydrogenation of benzoyl chloride with Pd on $BaSO_4$.

87. જલીય દ્રાવણમાં 1:3 વિદ્યુતવિભાજ્ય (electrolyte) છે

(1) $[CoCl_2(NH_3)_4]Cl$

(2) $[CoCl(NH_3)_5]Cl_2$

(3) $[Co(NH_3)_6]Cl_3$

(4) $[Co(NH_3)_3(NO_2)_3]$

88. કેન્દ્રકથી અંતર (r) સામે કક્ષક તરંગવિધેય (ψ_r) ના નીચે આપેલા યોજનાત્મક આલેખો ધ્યાનમાં લો.



કક્ષકમાં બે ત્રિજ્યાવર્તી નોડ્સ (radial nodes) દર્શાવતી આકૃતિ કઈ છે ?

(1) A (2) B

(3) C (4) D

89. નીચે આપેલા સંયોજનોને તેમની ધ્રુવીયતા (polarity)ના વધતા ક્રમમાં ગોઠવો.

A. $CH_3CH_2OCH_2CH_3$

B. CH_3CH_2OH

C. CH_3COCH_3

D. CH_3COOH

નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ પસંદ કરો.

(1) A < B < C < D

(2) C < A < D < B

(3) C < A < B < D

(4) A < C < B < D

87. A 1:3 electrolyte in an aqueous solution is

(1) $[CoCl_2(NH_3)_4]Cl$

(2) $[CoCl(NH_3)_5]Cl_2$

(3) $[Co(NH_3)_6]Cl_3$

(4) $[Co(NH_3)_3(NO_2)_3]$

88. Consider the following schematic plots of orbital wavefunction (ψ_r) against distance (r) from the nucleus.



The figure representing two radial nodes in the orbital is

(1) A (2) B

(3) C (4) D

89. Arrange the following compounds in the increasing order of polarity

A. $CH_3CH_2OCH_2CH_3$

B. CH_3CH_2OH

C. CH_3COCH_3

D. CH_3COOH

Choose the correct answer from the options given below.

(1) A < B < C < D

(2) C < A < D < B

(3) C < A < B < D

(4) A < C < B < D

90. Ne_2 માટે સૌથી ઉચ્ચ ભૃત અણુ કક્ષક (highest occupied molecular orbital) કઈ છે ?

(1) π_{2p} (2) σ_{2p}

(3) π^*_{2p} (4) σ^*_{2p}

91. મનુષ્યમાં કશેરુકાઓની સંખ્યા _____ છે.

(1) 7 (2) 12

(3) 26 (4) 206

92. ફૂગ અને લીલ વચ્ચેના સહજીવી સહજીવનને _____ કહેવામાં આવે છે.

(1) લાઈકેન્સ

(2) સ્પોંજીસ

(3) માયકોરાઈઝા

(4) ક્રાયસોફાઈટ્સ

93. કોષ સિદ્ધાંત (સેલ થિઅરી) _____ દ્વારા આપવામાં આવ્યો હતો.

(1) શ્લાઇડન અને શ્વાન

(2) રોબર્ટ બ્રાઉન

(3) સિંગર અને નિકોલસન

(4) એન્ટોની વોન લ્યુવેનહોક

94. નીચેનામાંથી કયા લક્ષણો આદિકોષકેન્દ્રીય કોષોના છે?

(a) રિબોઝોમ્સ 50S અને 30S પેટા એકમોના બનેલા હોય છે

(b) તેઓ પ્લાઝમિડ ધરાવી શકે છે

(c) તેઓ મેસોઝોમ ધરાવે છે

(d) તેઓ પેરોક્સિઝોમ ધરાવે છે

નીચે આપેલા વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો :

(1) ફક્ત (b) અને (c)

(2) ફક્ત (a) અને (c)

(3) ફક્ત (a), (c) અને (d)

(4) ફક્ત (a), (b) અને (c)

90. The highest occupied molecular orbital for Ne_2 is

(1) π_{2p} (2) σ_{2p}

(3) π^*_{2p} (4) σ^*_{2p}

91. The number of vertebrae in a human is _____ .

(1) 7 (2) 12

(3) 26 (4) 206

92. Symbiotic association between fungi and algae are called _____ .

(1) lichens

(2) sponges

(3) mycorrhiza

(4) chrysophytes

93. Cell theory was formulated by _____.

(1) Schleiden and Schwann

(2) Robert Brown

(3) Singer and Nicolson

(4) Antonie Von Leeuwenhoek

94. Which of the following are characteristics of prokaryotic cells ?

(a) Ribosomes are made of 50S and 30S subunits

(b) They can have plasmids

(c) They contain mesosome

(d) They have peroxisomes

Choose the **correct** answer from the options given below :

(1) (b) and (c) only

(2) (a) and (c) only

(3) (a), (c) and (d) only

(4) (a), (b) and (c) only

95. નીચેનામાંથી કયું માનવ મધ્યસ્થ ચેતાતંત્રનો ભાગ **નથી** ?

(1) અરાક્નોઇડ (Arachnoid)
(2) ડ્યુરા મેટર (Dura mater)
(3) પિયા મેટર (Pia mater)
(4) પેરીકાર્ડિયમ (Pericardium)

96. કણાભસૂત્રનું અંતઃપટ _____ ને ઘેરે છે.

(1) મેટ્રિક્સ
(2) કોષરસ
(3) શ્લેષ્મ
(4) જલ્ય દ્રવ (aqueous humor)

97. **યાદી-I ને યાદી-II સાથે જોડો.**

	યાદી-I		**યાદી-II**
A.	ક્રિસ્ટા (Cristae)	I.	હરિતકણના સ્ટ્રોમામાં આવેલા ચપટા પટલીય કોથળાઓ
B.	સિસ્ટર્ને (Cisternae)	II.	કણાભસૂત્રમાં જોવા મળતા અંદરની તરફના ગડી વળાવી
C.	થાઇલેકોઇડ્સ (Thylakoids)	III.	કોષરસપટલ
D.	ફોસ્ફોલિપિડ (Phospholipid)	IV.	ગોલ્ગી ઉપકરણમાં આવેલા તકતી આકારના કોથળાઓ

નીચે આપેલા વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો :

(1) A-III, B-IV, C-I, D-II
(2) A-II, B-IV, C-I, D-III
(3) A-II, B-IV, C-III, D-I
(4) A-IV, B-III, C-I, D-II

98. જે પ્લાસ્ટિડ ઝેન્થોફિલનો સંગ્રહ કરે છે તેને _____ તરીકે ઓળખવામાં આવે છે.

(1) હરિતકણ (chloroplast)
(2) રંગકણ (chromoplast)
(3) એલ્યુરોપ્લાસ્ટ (aleuroplast)
(4) સ્ટાર્ચકણ (amyloplast)

95. Which of the following is **not** a part of human central neural system ?

(1) Arachnoid
(2) Dura mater
(3) Pia mater
(4) Pericardium

96. Mitochondrial inner membrane encloses _____.

(1) matrix
(2) cytosol
(3) mucus
(4) aqueous humor

97. Match **List-I** with **List-II.**

	List-I		**List-II**
A.	Cristae	I.	Flat membrane sacs in stroma of chloroplast
B.	Cisternae	II.	Infoldings in mitochondria
C.	Thylakoids	III.	Cell membrane
D.	Phospholipid	IV.	Disc shaped sacs in the Golgi apparatus

Choose the **correct** answer from the options given below :

(1) A-III, B-IV, C-I, D-II
(2) A-II, B-IV, C-I, D-III
(3) A-II, B-IV, C-III, D-I
(4) A-IV, B-III, C-I, D-II

98. The plastid that stores xanthophyll is known as _____ .

(1) chloroplast
(2) chromoplast
(3) aleuroplast
(4) amyloplast

99. પિટ્યુટરી ગ્રંથિ સંબંધિત નીચેનામાંથી કયા વિધાનો **સાચા** છે ?

(a) તે શરીરરચનાની દ્રષ્ટિએ એડેનોહાઈપોફિસિસ અને ન્યુરોહાઈપોફિસિસમાં વિભાજિત થયેલ છે

(b) તે ફોલીકલ સ્ટિમ્યુલેટિંગ હોર્મોનનો સ્ત્રાવ કરે છે

(c) તે મેલાનોસાઇટ સ્ટિમ્યુલેટિંગ હોર્મોનનો સ્ત્રાવ કરે છે

(d) તે પ્રોલેક્ટિનનો સ્ત્રાવ કરતું નથી

નીચે આપેલા વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો :

(1) ફક્ત (a) અને (b)

(2) ફક્ત (a), (b) અને (c)

(3) ફક્ત (c) અને (d)

(4) ફક્ત (b) અને (c)

99. Which of the following statements related to pituitary gland are **correct** ?

(a) It is divided anatomically into adenohypophysis and neurohypophysis

(b) It secretes follicle stimulating hormone

(c) It secretes melanocyte stimulating hormone

(d) It does not secrete prolactin

Choose the **correct** answer from the options given below :

(1) (a) and (b) only

(2) (a), (b) and (c) only

(3) (c) and (d) only

(4) (b) and (c) only

100. RuBisCo દ્વારા ઉદ્દીપિત પ્રકાશ-શ્વસન પ્રક્રિયા નીચે મુજબ દર્શાવેલ છે :

$RuBP + O_2 \rightarrow 3\text{-Phosphoglycerate} + X$

આપેલા વિકલ્પોમાંથી "X" ને ઓળખો :

(1) ફોસ્ફોઈનોલપાયરુવેટ

(2) 2-ફોસ્ફોગ્લાયકોલેટ

(3) ઓક્ઝેલોએસીટેટ

(4) મેલેટ

100. Photorespiration reaction catalyzed by RuBisCo is shown below :

$RuBP + O_2 \rightarrow 3\text{-Phosphoglycerate} + X$

Identify "X" from the given options :

(1) Phosphoenolpyruvate

(2) 2-Phosphoglycolate

(3) Oxaloacetate

(4) Malate

101. મૅડ કાઉ ડિસીઝ (Mad cow disease) _____ દ્વારા થાય છે.

(1) પ્રિઓન્સ (prions)

(2) વાયરોઇડ્સ (viroids)

(3) *Aspergillus sp.*

(4) *Mycoplasma sp.*

101. Mad cow disease is caused by _____.

(1) prions

(2) viroids

(3) *Aspergillus sp.*

(4) *Mycoplasma sp.*

102. પ્રકાશસંશ્લેષણ પ્રતિક્રિયા કેન્દ્ર PS I (P700) માં કયા રંજકદ્રવ્યનું શોષણ શિખર 700 nm પર હોય છે ?

(1) ક્લોરોફિલ b

(2) ક્લોરોફિલ a

(3) ઝેન્થોફિલ્સ

(4) કેરોટીનોઇડ્સ

102. Which pigment has absorption peak at 700 nm in the photosynthetic reaction centre PS I (P700) ?

(1) Chlorophyll b

(2) Chlorophyll a

(3) Xanthophylls

(4) Carotenoids

103. પાણીમાં, દેડકા _____ દ્વારા શ્વસન કરે છે.

(1) ત્વચા

(2) મુખગુહા

(3) ફેફસાં

(4) શ્વાસનળી

104. નીચેનામાંથી કયું મનુષ્યના નીચેના ઉપાંગોમાં હાડકાંની ગોઠવણીનો સાચો ક્રમ દર્શાવે છે ?

(1) ફીમર(ઊર્વસ્થિ)-ટિબિયા-પટેલા (ઘૂંટણનું અસ્થિ) - ટાર્સલ(ગુલ્ફાસ્થિ)

(2) પટેલા (ઘૂંટણનું અસ્થિ)-ફીમર(ઊર્વસ્થિ)-ટિબિયા-ટાર્સલ(ગુલ્ફાસ્થિ)

(3) ફીમર(ઊર્વસ્થિ)-પટેલા (ઘૂંટણનું અસ્થિ)-ટિબિયા-ટાર્સલ (ગુલ્ફાસ્થિ)

(4) ફીમર(ઊર્વસ્થિ)-ટાર્સલ(ગુલ્ફાસ્થિ)-પટેલા (ઘૂંટણનું અસ્થિ)-ટિબિયા

105. પર્ણવિન્યાસ એ _____ ની ગોઠવણીની પદ્ધતિ છે.

(1) પર્ણો

(2) પુષ્પો

(3) ફળો

(4) વજ્રપત્ર

106. યાદી-I ને યાદી-II સાથે જોડો.

યાદી-I	**યાદી-II**
A. સ્ટાર્ચ	I. ચેપ સામે લડે છે
B. એન્ટિબોડી	II. ઊર્જા સંગ્રહ
C. કોનકેનાવલિન A	III. ગ્લુકોઝનું વહન
D. Glut-4	IV. લેક્ટિન

નીચે આપેલા વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો :

(1) A-I, B-II, C-IV, D-III

(2) A-II, B-I, C-IV, D-III

(3) A-II, B-I, C-III, D-IV

(4) A-I, B-II, C-III, D-IV

103. In water, frogs respire using _____.

(1) skin

(2) buccal cavity

(3) lungs

(4) trachea

104. Which of the following represents the correct sequence of arrangement of bones in the lower limb of humans ?

(1) Femur-tibia-patella-tarsal

(2) Patella-femur-tibia-tarsal

(3) Femur-patella-tibia-tarsal

(4) Femur-tarsal-patella-tibia

105. Phyllotaxy is the pattern of arrangement of _____.

(1) leaves

(2) flowers

(3) fruits

(4) sepals

106. Match **List-I** with **List-II.**

List-I	**List-II**
A. Starch	I. Fights infection
B. Antibody	II. Energy storage
C. Concanavalin A	III. Glucose transport
D. Glut-4	IV. Lectin

Choose the **correct** answer from the options given below :

(1) A-I, B-II, C-IV, D-III

(2) A-II, B-I, C-IV, D-III

(3) A-II, B-I, C-III, D-IV

(4) A-I, B-II, C-III, D-IV

107. નીચે બે વિધાનો આપેલા છે :

વિધાન I: જ્યારે શરીરના મધ્ય અક્ષમાંથી પસાર થતો કોઈપણ સમતલ સજીવને બે સમાન અર્ધભાગોમાં વિભાજિત કરે છે, ત્યારે તેને અરીય સમપ્રમાણતા કહેવામાં આવે છે.

વિધાન II : સમુદાય એકિનોડર્મેટામાં, પુખ્ત અને ઈથળ (લાર્વા) બંને અરીય સમપ્રમાણ હોય છે.

ઉપરોક્ત વિધાનોના સંદર્ભ, નીચે આપેલા વિકલ્પોમાંથી **સૌથી યોગ્ય** જવાબ પસંદ કરો :

(1) **વિધાન I** અને **વિધાન II** બંને સાચાં છે

(2) **વિધાન I** અને **વિધાન II** બંને ખોટાં છે

(3) **વિધાન I** સાચું છે પરંતુ **વિધાન II** ખોટું છે

(4) **વિધાન I** ખોટું છે પરંતુ **વિધાન II** સાચું છે

107. Given below are two statements :

Statement I : When any plane passing through the central axis of the body divides the organism into two identical halves, it is called radial symmetry.

Statement II : In phylum Echinodermata, both adults and larvae are radially symmetrical.

In the light of the above statements, choose the **most appropriate** answer from the options given below :

(1) Both **Statement I** and **Statement II** are correct

(2) Both **Statement I** and **Statement II** are incorrect

(3) **Statement I** is correct but **Statement II** is incorrect

(4) **Statement I** is incorrect but **Statement II** is correct

108. અંતઃપટસમય તંત્ર _____ નો સમાવેશ થાય છે.

(1) અંતઃકોષરસ જાળ, ગોલ્ગી સંકુલ, લાયસોઝોમ અને રસધાની

(2) અંતઃકોષરસ જાળ, હરિતકણ, પેરોક્સિઝોમ અને રસધાની

(3) કણાભસૂત્ર, હરિતકણ, પેરોક્સિઝોમ અને રસધાની

(4) ગોલ્ગી સંકુલ, હરિતકણ, પેરોક્સિઝોમ અને રસધાની (વેક્યુઓલ)

108. Endomembrane system includes _____.

(1) endoplasmic reticulum, Golgi complex, lysosomes and vacuole

(2) endoplasmic reticulum, chloroplast, peroxisomes and vacuole

(3) mitochondria, chloroplast, peroxisomes and vacuole

(4) Golgi complex, chloroplast, peroxisomes and vacuole

109. ગ્લુકોઝના 206 અણુઓમાંથી ગ્લાયકોલિસિસના અંતે પાયરુવિક એસિડના કેટલા અણુઓ ઉત્પન્ન થશે?

(1) 206 (2) 309

(3) 103 (4) 412

109. How many molecules of pyruvic acid are produced at the end of glycolysis from 206 molecules of glucose ?

(1) 206 (2) 309

(3) 103 (4) 412

110. નીચેનામાંથી કયા વનસ્પતિ વૃદ્ધિ નિયામકનો ઉપયોગ નીંદણનાશક તરીકે કરવામાં આવે છે ?

(1) 2,4-D

(2) કાઇનેટિન

(3) એબ્સિસીક એસિડ

(4) જિબરેલિન

110. Which of the following plant growth regulators is used as herbicide ?

(1) 2,4-D

(2) Kinetin

(3) Abscisic acid

(4) Gibberellin

111. નીચે બે વિધાનો આપેલા છે :

વિધાન I : અનાવૃત બીજધારી વનસ્પતિઓમાં, નર અને માદા જનનકોષો (ગેમેટોફાઇટ્સ) બીજાણુધાનીની અંદર જ રહે છે.

વિધાન II : અનાવૃત બીજધારી વનસ્પતિઓમાં, બીજ ઢંકાયેલા હોતા નથી.

ઉપરોક્ત વિધાનોના સંદર્ભે, નીચે આપેલા વિકલ્પોમાંથી **સૌથી યોગ્ય** જવાબ પસંદ કરો :

(1) **વિધાન I** અને **વિધાન II** બંને સાચાં છે

(2) **વિધાન I** અને **વિધાન II** બંને ખોટાં છે

(3) **વિધાન I** સાચું છે પરંતુ **વિધાન II** ખોટું છે

(4) **વિધાન I** ખોટું છે પરંતુ **વિધાન II** સાચું છે

112. **યાદી-I** ને **યાદી-II** સાથે જોડો.

યાદી-I		**યાદી-II**
A. ગોળાકાર		I. વિબ્રિયો (Vibrio)
B. દંડાકાર		II. કોકાય (Cocci)
C. અલ્પવિરામ આકાર		III. સ્પિરિલા (Spirilla)
D. સર્પાકાર		IV. બેસિલસ (Bacilli)

નીચે આપેલા વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો :

(1) A-I, B-III, C-II, D-IV

(2) A-III, B-II, C-I, D-IV

(3) A-II, B-I, C-IV, D-III

(4) A-II, B-IV, C-I, D-III

113. નીચેનામાંથી કયા સોલેનેસી (Solanaceae) કુળના લાક્ષણિક લક્ષણો છે?

(a) પુષ્પો દ્વિલિંગી અને નિયમિત હોય છે

(b) વજ્રપત્રમાં પાંચ વજ્રપત્રો હોય છે અને તે જોડાયેલા હોય છે

(c) પુકેસરવર્તુળમાં પાંચ પુકેસરો હોય છે અને તે દલસંલગ્ન હોય છે

(d) બીજાશય અધઃસ્થ હોય છે

નીચે આપેલા વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો :

(1) ફક્ત (a), (b) અને (c)

(2) ફક્ત (d)

(3) ફક્ત (a) અને (b)

(4) ફક્ત (b), (c) અને (d)

111. Given below are two statements :

Statement I : In gymnosperms, the male and female gametophytes remain within the sporangia.

Statement II : In gymnosperms, seeds are not covered.

In the light of the above statements, choose the **most appropriate** answer from the options given below :

(1) Both **Statement I** and **Statement II** are correct

(2) Both **Statement I** and **Statement II** are incorrect

(3) **Statement I** is correct but **Statement II** is incorrect

(4) **Statement I** is incorrect but **Statement II** is correct

112. Match **List-I** with **List-II.**

List-I		**List-II**
A. Spherical	I.	Vibrio
B. Rod	II.	Cocci
C. Comma	III.	Spirilla
D. Spirillum	IV.	Bacilli

Choose the **correct** answer from the options given below :

(1) A-I, B-III, C-II, D-IV

(2) A-III, B-II, C-I, D-IV

(3) A-II, B-I, C-IV, D-III

(4) A-II, B-IV, C-I, D-III

113. Which of the following are characteristic features of Solanaceae family ?

(a) Flowers are bisexual and actinomorphic

(b) Calyx have five sepals and are united

(c) Androecium have five stamens and are epipetalous

(d) Ovary is inferior

Choose the **correct** answer from the options given below :

(1) (a), (b) and (c) only

(2) (d) only

(3) (a) and (b) only

(4) (b), (c) and (d) only

114. લીલી વનસ્પતિઓમાં પ્રકાશસંશ્લેષણની ક્રમિક સમજ તરફ દોરી ગયેલા પ્રયોગોનો સાચો ક્રમ પસંદ કરો.

(1) ક્લોરોફિલ a અને b ના શોષણ વર્ણપટ → ગ્લુકોઝનું ઉત્પાદન → ઓક્સિજનનો મુક્ત થવો → હવાની ભૂમિકા

(2) હવાની ભૂમિકા → ઓક્સિજનનો મુક્ત થવો → ગ્લુકોઝનું ઉત્પાદન → ક્લોરોફિલ a અને b ના શોષણ વર્ણપટ

(3) ઓક્સિજનનો મુક્ત થવો → ગ્લુકોઝનું ઉત્પાદન → ક્લોરોફિલ a અને b ના શોષણ વર્ણપટ → હવાની ભૂમિકા

(4) ગ્લુકોઝનું ઉત્પાદન → હવાની ભૂમિકા → ઓક્સિજનનો મુક્ત થવો → ક્લોરોફિલ a અને b ના શોષણ વર્ણપટ

115. એક સ્વસ્થ મનુષ્યમાં સાઈનો-આર્ટિરિયલ નોડ (SAN) દ્વારા ઉત્પન્ન થતા ક્રિયા potentials (action potentials) ની સંખ્યા પ્રતિ મિનિટ _____ હોય છે.

(1) 28 - 30 (2) 70 - 75
(3) 100 - 110 (4) 120 - 140

116. ગ્લુકોઝના ત્રણ અણુઓના નિર્માણ માટે કેલ્વિન ચક્રના કેટલા ચક્રોની જરૂર પડે છે ?

(1) 6 (2) 3
(3) 1 (4) 18

117. નીચેનામાંથી કયું વિધાન **ખોટું** છે ?

(1) ઈજાના પ્રતિસાદમાં રુધિર ગંઠાઈ જાય છે
(2) રુધિરુદગંઠ ફાઈબ્રિનનું બનેલું હોય છે
(3) ફાઈબ્રિનોજનમાંથી ફાઈબ્રિન ઉત્પન્ન થાય છે
(4) ફાઈબ્રિનમાંથી ફાઈબ્રિનોજન ઉત્પન્ન થાય છે

118. **યાદી-I** ને **યાદી-II** સાથે જોડો.

યાદી-I	**યાદી-II**
A. કુળ	I. સપિંડેલ્સ (Sapindales)
B. પ્રજાતિ	II. ડિકોટાયલિડોન (Dicotyledonae)
C. વર્ગ	III. એનાકાર્ડિયાસિ (Anacardiaceae)
D. સમુદાય	IV. એંઝિયોસ્પર્મી (Angiospermae)
E. શ્રેણી	V. *મેંગિફેરા* (*Mangifera*)

નીચે આપેલા વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો :

(1) A-I, B-V, C-II, D-IV, E-III
(2) A-II, B-I, C-III, D-IV, E-V
(3) A-II, B-III, C-V, D-I, E-IV
(4) A-III, B-V, C-II, D-IV, E-I

114. Select the correct sequence of experiments that led to a gradual understanding of photosynthesis in green plants.

(1) Absorption spectra of chlorophyll a and b → production of glucose → release of oxygen → role of air

(2) Role of air → release of oxygen → production of glucose → absorption spectra of chlorophyll a and b

(3) Release of oxygen → production of glucose → absorption spectra of chlorophyll a and b → role of air

(4) Production of glucose → role of air → release of oxygen → absorption spectra of chlorophyll a and b

115. The number of action potentials generated by sino-arterial node (SAN) in a healthy human is _____ per minute.

(1) 28 - 30 (2) 70 - 75
(3) 100 - 110 (4) 120 - 140

116. How many turns of Calvin cycle are required for the formation of three molecules of glucose ?

(1) 6 (2) 3
(3) 1 (4) 18

117. Which of the following statements is **incorrect** ?

(1) Blood coagulates in response to an injury
(2) Blood clot consists of fibrins
(3) Fibrin is produced from fibrinogen
(4) Fibrinogen is produced from fibrin

118. Match **List-I** with **List-II.**

List-I	**List-II**
A. Family	I. Sapindales
B. Genus	II. Dicotyledonae
C. Class	III. Anacardiaceae
D. Phylum	IV. Angiospermae
E. Order	V. *Mangifera*

Choose the **correct** answer from the options given below :

(1) A-I, B-V, C-II, D-IV, E-III
(2) A-II, B-I, C-III, D-IV, E-V
(3) A-II, B-III, C-V, D-I, E-IV
(4) A-III, B-V, C-II, D-IV, E-I

119. નીચેની વર્ગીકરણ શ્રેણીઓને ચઢતા ક્રમમાં ગોઠવો.

(a) પ્રજાતિ (Genus)
(b) વર્ગ (Class)
(c) ગોત્ર (Order)
(d) સમુદાય (Phylum)
(e) કુળ (Family)
(f) સૃષ્ટિ (Kingdom)
(g) જાતિ (Species)

નીચે આપેલા વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો :

(1) (g), (a), (e), (c), (b), (d), (f)
(2) (a), (c), (d), (g), (f), (b), (e)
(3) (g), (c), (d), (b), (e), (a), (f)
(4) (f), (c), (b), (g), (d), (e), (a)

120. યાદી-I ને યાદી-II સાથે જોડો.

	યાદી-I		યાદી-II
A.	સીમાંત બીજાસ્થાન	I.	*Argemone*
B.	અક્ષીય બીજાસ્થાન	II.	ટામેટા
C.	ભીત્તીય બીજાસ્થાન	III.	*Primrose*
D.	મુક્ત કેન્દ્રીય બીજાસ્થાન	IV.	વટાણા

નીચે આપેલા વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો :

(1) A-II, B-IV, C-I, D-III
(2) A-IV, B-II, C-III, D-I
(3) A-IV, B-III, C-I, D-II
(4) A-IV, B-II, C-I, D-III

121. સ્ફેનોપ્સિડા (Sphenopsida) વર્ગ _____ માં આવે છે.

(1) બ્રાયોફાઇટ્સ
(2) અનાવૃતબીજધારી
(3) નગ્નબીજધારી
(4) ટેરિડોફાઇટ્સ

119. Arrange the following taxonomic categories in ascending order.

(a) Genus (b) Class
(c) Order (d) Phylum
(e) Family (f) Kingdom
(g) Species

Choose the **correct** answer from the options given below :

(1) (g), (a), (e), (c), (b), (d), (f)
(2) (a), (c), (d), (g), (f), (b), (e)
(3) (g), (c), (d), (b), (e), (a), (f)
(4) (f), (c), (b), (g), (d), (e), (a)

120. Match **List-I** with **List-II.**

	List-I		**List-II**
A.	Marginal placentation	I.	*Argemone*
B.	Axile placentation	II.	Tomato
C.	Parietal placentation	III.	*Primrose*
D.	Free central placentation	IV.	Pea

Choose the **correct** answer from the options given below :

(1) A-II, B-IV, C-I, D-III
(2) A-IV, B-II, C-III, D-I
(3) A-IV, B-III, C-I, D-II
(4) A-IV, B-II, C-I, D-III

121. Sphenopsida class belongs to _____.

(1) bryophytes
(2) angiosperms
(3) gymnosperms
(4) pteridophytes

122. પ્રકાશશ્વસન (photorespiration) અંગેના નીચેનામાંથી કયા વિધાનો સાચા છે ?

(a) C3 વનસ્પતિઓમાં થતું નથી

